# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા ઉનાળું પાકોની ખેતી પધ્ધતિ અને પ્રાકૃતિક કૃષિના ફાયદા વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગો યોજાયા

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટિ, દેવગઢ બારીયા દ્વારા તારીખ ૧૯/૦૪/૨૦૨૩ અને ૨૦/૦૪/૨૦૨૩ ના રોજ ગામ દુધિયા, રાઠવાના મુવાડા અને દેવી રામપુરા તા- દેવગઢ બારીઆ ખાતે **ઉનાળું પાકોની ખેતી પધ્ધતિ અને પ્રાકૃતિક કૃષિના ફાયદા** વિષય ઉપર ત્રણ ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયા. આ ત્રણે ગામોમાં તાલીમની શરૂઆતમાં **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન અને વિસ્તરણની પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ મગ અને અડદ પાકમાં મુખ્ય રોગ અને જીવાત, સુધારેલ બિયારણ, પ્રાકૃતિક ખેતીનાં વિવિધ આયામો તેમજ પ્રાકૃતિક ખાતર વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. ક્ષેત્રિય તાલીમ વર્ગ ની સાથે-સાથે સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત નવીન ટેક્નોલોજી વિષે પણ ખેડૂતો ને માહિતગાર કરવાંમાં આવ્યા. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા કરવામાં આવેલ જે થકી ત્રણે ગામોનાં કુલ ૫૪ (૬૨ ભાઈઓ અને ૪૨ મહિલા) ખેડૂતોએ ભાગ લીધેલ.







